शुरवीर वनराज चावडाना
नाटकनां गायन.

રચનાર

H. M. Sheth.

છપાવી પ્રસિદ્ધ કરનાર

બુ. છોટાલાલ છગનલાલ

अमदावाद.

રીચીરોડ ઉપર સત્યપ્રકાશ પ્રેસમાં

બુલાખીદાસ નારણદાસે છાપ્યાં.

સંવત ૧૯૪૧

કીમત ૨ આના.

૪૫૯૮

शुरवीर वनराज चावडाना नाटकनां गायन.

इश्वर स्तुती.

રાગ ધનાશ્રી.

સર્વેપાત્રો-- (વિનતી ધરજ્યો ધ્યાન) એ રાગ.

સા'ય કરો જગનાથ, અમોને સા'ય કરો જગનાથ. ટેક.
શિશ નમાવી અરજ કરીયે, પાયે પડી જોડી હાથ. અમોને૦
કામ આરંભીયે આપ પ્રતાપે, પુર્ણ કરે તે નાથ. અમોને૦
દોષ આવે તે નાથ નિવારી, ક્ષમા બક્ષો તમ આજ. અમોને૦
સેવક હરી આજ વંદે છે, સર્વ મળી સંગાથ. અમોને૦

સ્થળ—ભુવડની કચેરી કલ્યાણીમાં.

ભુવડ-- ગીતિ.

મીર સચીવ તું મારા, કહે મુજને સૌ રાજ વૃતાંત આજ;
સુણુવા ઉમંગ રાખું, પ્રજા મનની દીલ ધરી દાજ.

ઈન્દરસભાની ગઝલ.

મીર-- (નારીના કટાક્ષ પાસે પુરૂષ છે ગુલામ.) એ રાગ.

મહારાજ આપ રાજમાં, નથી કાંઈ ખામી;
પ્રજા સૌ ખુશી થાય, ન્યાય અદલ પામી.

આપ પાળો પ્રજાને, પુત્રની પ્રમાણુ;
સર્વ દેશ કેરા નૃપ, આપ માને આણુ.
પામે શિશુ શાળા માંહી, કેળવણી પ્રકાશ;
ખુબ હુન્નરશાળા માંહી, હુન્નરનો આભાસ.
ચોર, ખુની ધ્યુતિઓ, નહીં આપ રાજમાં;
માજ મજા માણે સૌ, સૌના કાજમાં.
જરા ફીકર કરશો નહીં, આપ રાજની;
સર્વ બંદોબસ્ત રાખ્યું, સહુ સમાજની.

શંકરકવિ— કવિત.

સિંહાસન જબ ચડે, જયું સુર વૈમાન ચડે;
દેવનકી કૃપા બડે, ઐસો ભુવડ ભુપાલ હે.
ગૌ બ્રાહ્મણુ પ્રતિપાલ, દીન દુઃખભંજન દયાલ;
દુષ્ટકું કરત બેહાલ, ઐસો સોલંકી મહિપાલ હે.
બિબેકમેં બડો ચતુર, રણુમેં નહીં ગુમાયો નુર;
પ્રજા સુખમેં હુઓ પુર, રાગરાજ કહાયો હે.
રૂપ રંગ કામ જૈસો, ન્યાયનમેં રામ જૈસો;
સુખનમેં ઈંદ્ર જૈસો, પુજ માતૃને જાયો હે.

કવિત.

ચાવડાકે વંશમેં, જયશીખરી પ્રગટ ભયો;
સોરઠકી મીરાસે વો, જંગલમેં જનાયો હે.
પ્રજા સબ ધરત પ્રિત, જાનત સબ રાજરીત;
વેરીઓંકે વૃંદ બિચ, મેઘ રૂપ, મનાયો હે.
રૂપમેં હે ઈંદ્ર જૈસો, સુરમેં હે અર્જુન જૈસો;
બિદ્યામેં ગૌતમ જૈસો, ઐસો ક્ષત્રી વીર હે.

તે બડો ચતુર શણો, ન્યાયમેં નિપુણ જાણો;
ગુર્જર કે રાજ ગાનો, વેરમેં વો ધીર હે.
ગુજરાતકી ભુગી રસાલ, ગરીબાકું કીયા નાલ;
દીન દુઃખભંજન દયાલ, કરને વાલો ભગો હે.
કહત કવિ શંકર દાસ, દુષ્ટોકો હુવો નાશ;
સુખ હે ઉનકી પાસ, દુઃખ સબ ગયો હે.

જુગડ— (સુણો દીલ્લી તખત ધરનાર.) એ રાહ.

શું ખગી રહ્યા સાંભળી ઘણું, સરદારો શુર કર્યાં ગુમાવ્યું રે ટેક.

ઝટ કરો તેને આપણું શરણું, સ૦
સુણો ચંદ[૧], રૂદ[૨], ભાટ[૩], વીર[૪], સ૦
વેદ[૫], ભારથી[૬], સીંહ[૭] ને, ધીર[૮], સ૦
સીંધુ[૯], ધનવિ[૧૦], પટુ[૧૧], ભીમ[૧૨], સ૦
ગીર[૧૩] ગીરી[૧૪] સાગંત[૧૫] ને ધામ[૧૬], સ૦
તમ છતે હજુ કેમ સ્વતંત્ર, સ૦
કરો ઝટ જઇ તેને પરતંત્ર, સ૦
બનો શુરવીર બાંધી હથિયાર, સ૦
જાઓ જીતવા કરો નહીં વાર, સ૦
આજ સુધી મુને હતી નહીં જાણ, સ૦
હવે નિશ્ચે લેવો મારે એનો પ્રાણ, સ૦
ઝટ કરવું ગુર્જર જઈ હાથ, સ૦
જયશીખરને કરૂં ભુમી સાથ. સ૦

સર્વ સરદારો— (મારે લાલદેવ ઈસ તરફ જાવદ આ.) એ રાહ

મહારાજ મુખથી, શું બોલો વચન;
નહીં ચિંતા રાખો, કાંઇ તમે મન.
હજુ આંગમાં છે અમારારે પ્રાણ;
કદી ખોઇશું નહીં, અમારૂં રે માન.
નહીં કરીએ આપનું, હરામ અન્ન;
લડીશું જુદાં થતાં, જીવ અને તન.
શું વિસાત જયશીખરીની, મહારાજ;
જઇ ઝટ કરીએ, કબજ ગુજરાત.
ઘડી એકની અમને, લાગે ન વાર;
રજા લઇ જઈએ, આપની નાગદાર.

સ્થળ—પંચાસરમાં જયશિખરની રાજ્યસભા.

કંચની— (દરસન બિન અખિયાં તરસ રહી.) એ રાહ.

આપને દરસનસેં સુખ ભયા;
સુખ ભયા, સબ દુઃખ ગયા. આપને
છત્રપતિ આપ હો શિરતાજ;
સબ રૈયત પ્રજાપાલ ભયા. આપને૦
ન્યાયવંત નેકી દુઃખ ભંજન;
પ્રજા હીત સબ કામ કીયા, આપને૦
ઐસા દયાવંત, જયશીખર રાજ;
સબ દુર્જનકા નાશ ભયા. આપને૦
હોત હે સુખ, રતી નહીં હે દુઃખ;
બીઝુક હીલ શબ સાંત કીયા. આપને૦

સર્વ પ્રજા— ભૂપ કલ્યાણ.

ફરિયાદ ફરિયાદ ફરિયાદ, સુણો મા'રાજા ફરિયાદ:
આશા આપ પાસે અમે, ખરી લેવા દાદ. એ ટેક.
લશ્કર મોટું આવી અમને નડે મા'રાજા બહુ
ઘર બાળી ધન કાઢે સહુનાં,
ગફનજી.........................શું હું મુખે કહું. ફરિયાદ૦
ધીરા પટેલ—મુજ પુત્રને પકડી જઈને, કીધો છે ગુલામ;
દયારામ શેઠ--લૂટી લીધા દમડા તેથી, નથી રહી દીલ હામ. ફરિયાદ.
પ્રીતમલાલ--પ્યારી મારી ગુલાબ જેવી, પુર્ણિમાનો ચંદ્ર
તેને પકડી કબજે કીધી, બનાવી મુજને અંધ. ફરિયાદ૦
નાથલો--છેતર મારૂં બાલી મુચ્યું, ઘર ઝુંપડી તે હાથ;
હાય હવે હું કરવું મારે, હેઠ પડયા મુજ હાથ. ફરિયાદ૦
સૌ પ્રજા--ગીર નામનો કોઇ સોલંકી, આવ્યો લશ્કર લઇ;
દક્ષિણમાંથી આવ્યો એવું, ભાસે છે અમ સહી ફરિયાદ૦
અનેક તરેહમાં કષ્ટો દેતો, આવે છે આ તર્ફ;
મારમારી પૈસા ધન લુંટી, બતાવે છે નીજ ગર્વ. ફરિયાદ૦
આપ રાજ્ય નીચે રહી સ્વામી, પામીએ આવાં દુઃખ;
કોણ હમારાં કષ્ટો કાઢી, પમાડશે અમ સુખ. ફરિયાદ૦
જયશિખર-- બેત.

અરે એ દુષ્ટ કોણ, કરે છે આવું કામ;
પ્રજા પીડ્યા શું ? પહોચશે એની હામ.
હોય શુરવીર તો, આવે મુજ સામો;
આમ તેમ ભાગીને, તે નડે છે નકામો.
ઉઠો ઉઠો સુરપાળ હવે, થાઓ તમ તૈયાર;
શત્રુને સંહારી, કહો જિજયનો પોકાર.

બિહાગની ભાવણી.

સુરપાળ—(મુજ ઉપર ગુજરી પીતા, પાદશાહ જાણી.) એ રાહ.

મહારાજ આજ આપ, આગ વદો શું વાણી;
એ મીના શા છે ભાર, કરૂં કેદ આણી.
સિંહ છેડી શિયાળવું, કેટલે દુર જવાનું;
સોલકી ક્ષિતી, ગુર્જર રાજ થવાનું.
એ નથી માણસપણુ, શ્વાન રીત મેં જાણી;
કરડે મારેલા પાણુ, એજ એંધાણી.
ઝટ જઈ કરૂં એને કબ્જ, પકડી આંહી લાવું;
જેમ શિયાળ પૅગે શ્વાન, એમ લઈ આવું.
જલ્દ કરૂં સૈન્ય તૈયાર, લડવા જાઊં;
રાણી બેસો આંહી હામ, પાછો ઝટ આવું.

સ્થળ—કલ્યાણીમાં ભુવડની કચેરી.

ઝીંજોટી દાદરો.

હારેલુંસૈન્ય—(નાગનકે બચ્ચે નાગ ઉસે પ્યાર ના કરના.) એ રાહ.

મા'રાજા આજ સાંભળો, દીલગીરી વાતરે.
સૈન્યપા આપણું હાર્યું, દિલગીરી વાતરે.
મીર તણી ઘાત થઈ, દિલગીરી વાતરે;
કરવો શો ઉપાવ હવે, દિલગીરી વાતરે.
સર્વ સૈન્ય ખુટી ગયું, દિલગીરી વાતરે;
બચ્યા તેથી આવ્યા કે'વા, દિલગીરી વાતરે;
સુરપાળ શુરો બહુ, દિલગીરી વાતરે;
હાર એવો નથી કદિ, દિલગીરી વાતરે.

સ્થળ—સુરપાળનું ખાનગી ઘર.

સુરપાળ:— સુરગોવિંદના મહીનાનો રાગ.

સ્વસ્તશ્રી પંચાસર ગામ, દીપે અતિ સારૂંરે;
સુરપાળ તમોને પ્રણામ, મળવા મન ધારૂંરે.
કલ્યાણીથી લખીતંગ, ભુવડ મહારાયરે;
લખવાનું કારણ એહ, મદદનું થાયરે.
છો અતિ શુરવીર સરદાર, ચતુર બહુ શાણારે;
આવો આમ મદદે આજ, પામો બહુ નાણુંરે.
વળી આપું હું અડધું રાજ, જીતેથી ભાઇરે;
નહીં કરશો વિચાર દીલ માંહી, આવો ઝટ આંહીરે.
સંવત ઓગણી છેતાળીસ, અસાડ અંધારીરે;
અષ્ટમી તિથી બુધવાર, અતિ મનોહારીરે.

સ્થળ—સુરપાળનું શયનગ્રહ.

સુરપાળ— સોપણી ગજલ.

સુણ પ્યારી, આજ મારી, વાત જે હું કહું તુને;
સોળ ક્રી ભુવડે શણું, બોલાવ્યો પ્રીતે મુને. સુણ૦
વળી કહ્યું એટલું માગ્યું, આપવા ઈંતેજાર છું;
કહે શી મરજી છે તારીશ કરવા તે હું તૈયાર છું. સુણ૦
કે'શું કરવું માહરે, મદદ કોની મારે જણી;
સત્વર બોલી દે જેથી હું, જવાને તૈયાર થઉં

કુસુમમતી—(કામણીસે છે અલબેલા તારી આંખમાંરે) એ રાહ.

પ્રિતમ આમ વદો છો શાને કારણેરે,
શાને કારણેરે, શી ધારણેરે. પ્રિતમ૦

ખવા દીન આગે લુણુ ખાધું, કેમ ભુમીએ તે હવે બાધું.
રાખ્યા બાળક સમ જાણીને, બાંગણેરે. પ્રિતમ૦
આવ્યો અવસર જ્યારે આવો, શત્રુની કુમકે જાવો;
એ અઘટિત કહેવાયે, દુનિઆદારનેરે. પ્રિતમ૦
ક્ષત્રી રીતી કેમ વિસારો, મનુષ્ય ધર્મ કેમ ચિત ન ધારો!
માટે જવું, શત્રુ જીતવા કારણેરે. પ્રિતમ૦
રણમાં ઝુંઝવો શિરા તમારાં, કિર્તી થંભ રોપાવો સારા;
બગનીની કુમકે ધાઓ, આ વારનેરે પ્રિતમ૦
કદી મળે પૃથ્વીનું રાજ, તે છંડો મારા શીરતાજ;
લુણ હરામ ન કરવું, ધનની ધારણેરે પ્રિતમ૦

સ્થળ—ભુવડની કચેરી.

ભુવડ— (વારાંગના વીચારી વદારે.) એ ૨.૯૦

થઈ ગર્વીષ્ટ દેખાડે તે જોર, અજનશું સાર્દુલ શુરે બતાવેરે.
ખુબ ચડગો છે એ દુષ્ટને તોર; આજા૦
કદી સુજનને હજાર દે ગાળ, આજા૦
પણ લાગે નહીં તેને મન ઝળ; આજા૦
હજુ જોયા નથી તેને મુજ હાથ, આજા૦
એક પળમાં દાબુ ભુમી સાથ; આજા૦
શું જાણતો હશે તે મન, આજા૦
હણું આજ હું તેનું તન; આજા૦
સહુ સરદારો થાઓ તૈયાર, દુશ્મન દલ હણવા જાવુંરે.
કરો કાંઈ ન આંહી તમ વાર; દુશ્મન૦
એક ઘડી આંહી રે'વું હરામ, દુશ્મન૦

ઠેઠ પહોંચાડું હું એની હાગ; દુશ્મન૦

સ્થળ—જયશીખરીનું શયનગ્રહ.

જયશિખર— ઝાંઝરા.

મુને રજા દીયો પ્યારી મારી, કરૂં રણમાં જવા તૈયારી. ટેક.
આવ્યો સોલંકી લડવા કાજે, હામ ધરીને મનમાં આજે;
જાવું ઉતારવા મદ ભારી, મુને૦
કરી પ્રજા બહુ હેરાન, કીધાં ગામ બાળીને વેરાન;
તેથી કરવી સજા તેને ભારી, મુને૦
આવ્યો સીંહની સામો શિયાળ કેમ નહીં આવે તેનો કાળ;
શું આવ્યો આંહી વિચારી, મુને૦
માટે જરૂર જવું જોઇએ મારે, શત્રુને હણવા આ વારે;
તારે રે'વું આંહી ધીર ધારી, મુને૦

રૂપસુંદરી— (રાજાએ પ્રજાને પુત્ર ગણીને પાળી) એ રાહ.

ગીરી ઝોટી દાદરો.

આ શું વદો છો પ્રીતમ, મુખથી તમ;
આપ વિના અને મુને, કેમરે ગમ. આશું૦
લડું શત્રુ સામી આજ, સંગે રહી મા'રાજ;
આવવાને હોંશ ધરૂં, પ્રિતમ મારા આજ. આ શું૦
ઘડી એક વિયોગ મુને, વર્ષના સમાન;
પ્રેમ આપનો પ્રિતમ, જળ મિન પ્રમાણ. આશું૦

જયશિખર— સીંહાનો કનરો.

આમ નહીં વદવું યોગ્ય પ્યારી, સંગે આવવા શું હીમત ધારી આ૦

નથી રણમાં કાંઇ રમવાની રમત, ગમત નથી કાંઇ નાટકની પ્યારી.
પડશે એટોઝટ શિશ ભુમીપર, લોહીની સરિતા વે'શે ત્યાં નારી. આ૦
ખડ ખડાક તરવારો ખખડશે ભડડ ગોળી બંદુકની ભારી. આ૦
નહી કાયરનું કામ ત્યાં કાંઇ, જોઇએ હામ અતિ લડવાની. આ૦
માટે રહો ધીર પ્યારી અહીંઆં, આવવા વિચાર કરો ન પ્યારી આ૦

રૂપસુંદરી— વિજોગણી બાર મારીનો રાગ.

હામ હરાવો નહીં તમ પ્યારા, ન્યારા કરૂં નહીં તમમેરે;
સંગે લઇ જાા કૃપા કરો પીયુ, નહીં તરછોડો આજ મને રે. હા૦
હું પુત્રી ક્ષત્રીની હું રાગી, નહીં ડગવાની રણમાં જરીરે;
બતાવું રણમાં હાથ હું સારો, ધારો દયા દિલે આજે ખરીરે. હા૦

જયશીખર— રૂપસી રાહ.

એતો ક્ષત્રીની ઉલટું કહેવાયે, નહીં યોગ્ય આવવું મુજ સંગેરે:
આ વીશ જીતી ઝટ મુજ પાસે, ચિંતા તજો પ્યારી આપ અંગેરે.
હવે નીકળું હું અહીંઆંથી, વાર થઈ મુને બહુ આંહીરે;
સહુ સૈન્ય રાહ જોતુ હશે મારી, લડવા જવાને આજ ત્યાંહીરે. એ૦

સ્થળ—રણસંગ્રામ.

જયશીખર— દયાળુદેવ. એ રૂહ.

સુણો સુરપાળ, તમે મારી વાત; કહું શું હવે, થયો સંતાપ સુ.
સુરપાળ—શું છે એવી વાત, કરો ન ફીકર; ધારો નહીં સોચ,
આહો દિલભર. સુ
મારાં છતાં, શું છે દુઃખ; ઉદાશ કેમ થાઓ, પામી અસુખ સુ.
કહો મહારાજ, કરવા તૈયાર; હુકમ થાતાં, લગાડુ ન વાર. સુ.

જયશીખર—ગરભવંતી, છે તુમ રાણી, ફીકર મુને, છે બહુ એની. સુ.
શુરે થાશે, તેના કેવા હાલ, તેની આ સમેં, કોણ લેશે સંભાળ. સુ.
માટે હું કહું. દીલ દુઃખી થઈ; મુકીને આવો,
નિર્ભય સ્થાન જોઈ. શું.
તમ પિયાને; સાથે લેજો; તેની સેવા, લેજો કેજો સુ.
મુકો એવે ઠામ, નહીં શત્રુ નામ; કરો એક કામ,
રાખી દીલ હામ. સુ.

જયશીખર— આશા ગોડી.

આશ નથી જીતવાની, હવે મુને આશ નથી જીતવાની. ટેક.
લશ્કર આપણું નાશ બહુ થયું છે, હામ ન રહે મગ જાની. હવે.
કરો સુરપાળ તમ એહ કામ, મુકી આવો વન રૂપરાણી હવે.
છે ગર્ભવંતી પની તુમારી, પ્રસવે પુત્ર જો કદાની. હવે.
પુત્ર હોયે તો લે વેર આપનું, મેળવે કીર્તી સદાની. હવે.

સુરપાળ— રાગ સદર.

હામ નહીં આમ હારો, ક્ષત્રી થઈ હામ નહીં આમ હારો. ટેક.
બનવાનું બનશે કર્મે લખ્યું તે, શોક નહીં દીલ ધારો. ક્ષત્રી૰
મુજ પત્નીને મુકી આવું વન, નિર્ભય સ્થાન જોઈ સારો ક્ષત્રી૰
લડો ત્યાં સુધી શુર દીલ રાખી, શત્રુની ફોજ હઠાવો. ક્ષત્રી૰
આવ્યો હું વેગે મુકીને ઝટ, ચિંતા ચિત્તેથી વિદારો. ક્ષત્રી૰

સ્થળ—રૂપસુંદરીનું ભુવન.

રૂપસુંદરી— દોહરો.

ભોળા શંભુ એક આશરો તમારો,

પ્રાણપતિ કેરાં સંકટો સંહારો;
રણમાં જીત આપીને વિજય કરો અમારો, ભોળા૦
આવ્યો સોલંકી અગ રાજ લેવા કાજે,
કેમ નહીં પોતે મનમાં કાંઇ લાજે ?;
સિંહ સામું શું શિઆળવું બિરાજે, આવ્યો૦
કરજોડી શિવ આપ પાસે ગ.યું,
શિશ નમાવીને આપ ચરણ લાગું;
કરો સા'ય પ્રભુ શું મુખેથી ભાખું, કર૦
શત્રુને સંહારી વિજય અમને આપો,
દુઃખ દાવાનળ આ વિપુના અમ કાપો;
પતિને સા'ય કરી શત્રુને સંતાપો, શત્રુ૦

રૂપસુંદરી-- રાગ ગોપીચંદનો.

સુરપાળ વિરાજી, આમ વદોછો તમે શું અહીં; ટેક.
સુરપાળ--ઝટ કરો તૈયારી, મુકી આવું હું આજે વન મહીં ટેક.
રૂપસુંદરી--શું સુજયું સ્વામીને મારા, કરવા આવું કામ;
કેમ રખડતાં કરવા ચાહે, છંડાવી પ્રીત ધામરે. સુરપાળ૦
સુરપાળ--નહીં દોષ છે તમ પ્રિતમને, દોષ કરમનો હોય;
અંતે વેઠે તે છુટકો છે, મથે મિટાવા કોયરે. ઝટ કરો૦
રૂપસુંદરી--સ્વામીને તરછોડી બાંધુ, જાવું નહીં હું કોઈ;
રહી અહરનિશ પ્રિતમ સંગે, કરીશ ભક્તિ હું આંઇરે. સુ૦
સુરપાળ--નહીં કરો ખટી કાંઈ મારી, આમ વિચાર દીલમાંહી;
ખોટી થાઊં હું અહીં આ બહુ, પાછું આવવું આંહીરે. ઝ૦

રૂપસુંદરી--આવા વખતે કેમ તજવું હું મુજ સ્વામી ભાઈ;
નથી યોગ્ય કરવું એ મારે, તજી જવું નહીં કાંઈરે સુ૦
સુરપાળ--અવસર નથી આ હઠ કરવાનો, ઝટ તૈયાર થઈ જાવ;
મુજ ભાભીને લેઈને સંગે, ગુપ્ત પણે સિધાવરે. ઝ૦
થશે પુત્ર જો તુજને પછી, લે કાં' જમશે વેર;
શત્રુને નસાડી કાઢી, વશ કરશે આ શહેરરે. ઝ૦
રૂપસુંદરી--સઘળી વાત સાચી છે તારી, પણ આ નહીં ધર્મ;
પતિવ્રતમાં ખામી પડે મુજ, તજવા પિયુ એ અધર્મરે. સુ૦
સુરપાળ--પતિ આજ્ઞાથી સીધાતું તેમાં, કોણ અધર્મી કે'નાર;
હવે કરો વિચાર નહીં કાંઈ, ઝટ મુકી આવું આ વારરે. ઝ૦
રૂપસુંદરી-- રાગ સીતાજીના મહિનાનો.
દશ દીધું તમ કેમ આમ, શાને શત્રુ મુજ થઈ;
કેમ ગર્ભ દીધો આ વખત, જશે પિયુ પરહરી.
થાશે વનમાં શા મારા હાલ, પિયુનું શું થશે ?
કોણ લેશે મારી સંભાળ, વૃતાંત પિયુ કોણ દેશે ?
સ્વામી સંગ છોડાવી કેમ, ખુશી મન તું થાએ;
જાતાં ઇશ કંપે મુજ અંગ, દુઃખ થાય બહુ કાગે.
સુરપાળ--પછી લગાડો નહીં કાંઈ વાર, જાવું ગુપ્ત આપણે;
જાણે શત્રુ તો કરે હેરાન, વળી સુખ તે હણે.

સ્થળ—વનાશ્રમ.

રૂપસુંદરી-- રાગ ઓખાહરણનો.
ક્યાં ગુમ થઈ ભોળાઈ, કેમ ગઈ વિસારી બાઈ;

હું કઈ વખતની ગઈ, અરે ક્યાં જઈને તું રહી.
શું? દુષ્ટ કાળે પૂરી કીધી, કે શત્રુએ હરી લીધી;
ફાડી ખાધી શું જંગલી પ્રાણીએ, થઈ દશા શી તારી જાણીએ.
તુજ વિના હું બહુ મુઝાઉં, નહીં ગમે કાંઈ મુને ખાઉં;
હાય હાય આ કોપ શો દીનપર, શું ધર્યું હશે તેં ઈશ્વર.

સ્થળ—કરણનું ભુવન.

રાગ બિલાવળ.

કુસુમગતિ— (સાહીબરે શું દુઃખ દાખવું) એ ર.હ.

કરવું હવે શું માહરે, નથી સૂઝતું કાંઈ.
પતિ વિના રહું કેમ હું, પરવાસમાં આંઈ. કરવું૰
શું રે દશા તેમની હશે, થયું હશે ત્યાં કેમ;
જીવતા હશે કે હાર્યા હશે, હાય જાણું હું કેમ. કરવું૰
નણદી જોતાં વાટ માહરી, બેઠાં હશે ત્યાંય;
હમણાં હમણાંરે આવશે, આવું શી રીતે ત્યાંય. કરવું૰
નહીં ખબર હશે તેમને, પડી દુઃખમાં ભોજાઈ;
મુજ વિન મુઝાતાં હશે, નહીં બેસી તાં કેઈ. કરવું૰
પડી હું દુષ્ટ પંજા માંહીં, આવું કેમ કરી;
નથી ગમ પડતી મુજને, નથી બેસતી ઠરી. કરવું૰
ઘડિ ઘડિ આપ સંભારીને, રોઉં વાહલાં હું બેન;
આપ વિયોગ સાલે બહુ, કાંઈ પડે ન ચેન. કરવું૰
અરે પ્રીતમ આવો અહીં તમે, મુજ વારેરે ધાઓ;
ખબર લીયો મુજ પ્રિયાની, દુઃખ દૂર હઠાઓ. કરવું૰

મહેર કરો હવે ઇશ્વર, દીન દાસી ઉપર;
છોડાવો બંધનથી મુને, આશ્રય તમ હું ઉર. કંવું.
કરણ—અઇઆં ન પકડ મુજ ચોલી ગસકાઈરે. એ રાહ.
દિસે આ પ્યારી મારી, ગજ હ નારીરે,
ચંદ્ર સમ મુખ દેખી, જાઉં વારી વારીરે. દિસે૦
ચાલ એની હંસ સમ, કદળી જંઘા ભારીરે
કટી કેસરી લજ્જિત, રતના ખુલી દાસીરે. દિસે૦
રક્ત વર્ણ ઓષ્ટ જેના, સુક નાક આકૃતિ રુરે;
ગાલ છે ગુલાબી લાલ, ઘુંઘટ ત્યાં સારૂંરે. દિસે૦
મૃગ ચક્ષુ આણંદ રે, લલાટ તેજ દારૂરે;
શેષ ફણ શિશ પર, ગુંથી વેણ સારીરે. દિસે૦
બાહુ ગજ શુંઢ સમ, કોકિલ કંઠ વાળીરે;
દેખી તન તલસે મારૂં, મનોહર પ્યારીરે. દિસે૦
આંખ પલકારા તજ્જિ, નિરખી ઝબુકેરે;
ભ્રમર ધનુષ પેઠે, સજ્જુપર ઝુરેરે. દિસે૦
ટીલડી લલાટ કંઠે, મુક્તાફળ હારરે;
કર સારી ચુડી શોભે, આંગુળી શિણગારરે. દિસે૦
કુસુમગતી— પાત્ર.
અરે દુષ્ટ તું આમ, ખલી ત્રાસે છે શું મુજને;
એક પળમાં જમીન સાથે, કરીશ હું તુજને.
પ્રજાપાળ થઇ, કરે શું તું આમ;
બચવાની આશ હોય તે, તજદે આ ધામ.

સ્થળ—વનાશ્રમ.

રૂપસુંદરી— (ગઇ માતુ મારી જવું તેની પાસે.) એ રાહ.
કિસો ઉદાશ થયા બંધુ આજ, કેમ વહે ચક્ષુ નીર ધોધારાં. હિ.
શું? ત્યાં વિપરીત કાર્ય બન્યું છે, કે? શું શત્રુએ સૈન્ય હણ્યું છે. હિ.
આવી પડી શું? આફત તુજપર, કહે મુને જે હોય તેહ સત્વર હિ.
સુરપાળ— દુહા. અથવા સોરઠાના રાગ.

બેની મારી શું કહું, બની છે વીપરીત;
શત્રુ સૈન્ય જીતી ગયું, થઇ બનોઇ ઘાત.

રૂપસુંદરી— પિયુને તજાવનાર વેરી અલંકાર. એ રાહ.

અરર કોપ શું ઇશ, કીધો દીનપર;
દુઃખ દાતાનાથ કેમ, કીધો કેહર.
અરર દશા શી મારી, થશે હવે પ્રાણ;
પતિ કેમ તજી ગયા, મુકી મુ રાન.
હવે હું કોના આધારે, જીવીશ પ્રભુ;
પુતળી લેનાર સાર, કો' નથી વિભુ.
બાળે પેલે ભવ કેવાં, કીધાં હશે પાપ;
જનમતાં વાર તુ તો, થયો રે નબાપ.
પુરવ ભવે શાં પાપ, મેં કીધાં હશે;
હાય હાય દીન કેમ, દુઃખમાં જશે.

લલિત છંદ.

અરર નાથજી, કેમ પરહરી; મુકીને તમે, કેમ ગયા મરી.
પુત્ર મુખ તો, જોયું તમે; મન મુઝાય છે, આ સમે.
કહી બાપા કોને, તે બોલાવશે; લાડ લઇ ખોળે, કો' લડાવશે.

કેમ કરૂં હવે, ક્યાં જઇ રહું; દુઃખ આ માહરૂ, ક્યાં જઇ કહું.
દુર દશા થઇ, મારીરે હવે; અરર એ પિયુ, તુજને જવે.
દુઃખ આ દોહલું, કેમ ખમાયરે; અરર શું થશે, હાય હાયરે.

સ્થળ—કરણાશ્રમ.

દુષ્ટગતિ--   હીંડી.

બલી બાઇ જરા માનને કહ્યુ મારૂં,
જેથી થશે બેની તારૂં સર્વ સારૂં;
તુજ દુઃખ દેખી રદૃપ બળે મારૂ,   બલી.
પવન આવે એની પીઠ દેવી વા'લી,
મત કરવો નહીં તારે બેની ખાલી;
દુઃખ દુર કરી સુખ લે તું સારૂં,   બલી૦
નથી કોઈ વાતનીજ ખોટ આંહી,
શાને દીલગીરી તું ધરે મનમાંહી;
ભોગવ ભોગ વિલાસ દુઃખ કરી ન્યારૂં, બલી૦
નથી તને બીજી સુખ આશા કાંઇ,
સુખ સંપતિનો ભોગ લે તું આંહી;
નહીં ખાર બેની દીલ વિશે ધારૂં,   બલી૦

અભાગણી લાવણી.

કુસુમગતિ-(મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ જાણી.) એ રાહ.

શું કરે કમજાત બકવાદ, વિચાર કાંઈ દીલકર;
અરે દુષ્ટ જરા તું રાખ, શિર ઇશ્વર ડર.
ક્ષત્રાણી થઈને, કુલટાપણું શું કરે;

ધીઃક ધીઃક છે તુજ અવતાર, જીવે શું અરે.
શી જાત અને માત તાત, કોણ છે તારાં;
કેમ કરવા શીખી કામ, આવાં હત્યારાં.

સ્થળ—વનસ્થાન.

રૂપસુંદરી— રાગ ઓધવજીનો.

કેમ રૂદન કરી બાળ તું, દુઃખ શાને કરે,
તુજ રૂદન જોઇ, કંપે મારી કાયજો;
દિલાસો દેનારો નથી કોઇ આ સમે,
છાનો રહેને પુત્ર રોયે શું થાયજો. કેમ૦
બાપુ મારા રોયે દુઃખ દીલમાં થશે,
જશે નહીં કાંઇ તારા મનનો સંતાપજો;
દીધા હશે દુઃખના દા'ડા આ સમે,
વેઠવા પુર્ણ તે પામીને પરિતાપજો. કેમ૦

શીલગુણમુનિ— રાગ મારૂ ગોડી.

કોણ, બાઇ રૂઓ કેમ અહિયાં, કેમ દુભાવો આરે કનૈયા.
દેખું ઉત્તમ કુળના તમને, જો દુઃખ હોયે કહો અમને;
કોણ લાવ્યું કહો કેમ આંહી, નહીં ફીકર મન ધરો કાંઇ;

રૂપસુંદરી— (અરે સાધુ જન, આવ્યો તુમ પાસ.) એ રાહ.

સુણો સાધુ, તમે મારી વાત; અમે દુઃખી, છઇએ પુલ માત.
નથી કે'વા, સા'તુ મુજ મન; કે'તાં મારૂ, ધ્રુજે સહુ તન.
આવ્યો ભુવડ, પીયુની સાગ; તેમાંથી બન્યું, આ વિપરીત કામ.
હતી ગર્ભવંતી હું નાર; તેથી કાઢી, છાની પુર બા'ર.

સાથે મુજ ભ્રાત, ભોજાઈ; બને મુકી, ગયો ભાઈ.
ગયો તે કાંઇ, શું થયું ત્યાંઈ, ગઈ ભોજાઇ, દુઃખી કરી આંઇ.
હરી શત્રુ, ગયો હશે લઈ, તેથી આંહી, દુઃખી બહુ થઇ.
અરે હાય શો, કરવો ઉપાય; નથી સુઝતું, મુને હવે કાંય.
જોઇ પુત્રને, રહું હું આંહી; ખબર લેનાર, ગયા તમે કાંઈ.
શીલગુણ—(આયબિય મહેબત તોડી બેદરદી દીવાના.) એ રાહ.

નહીં શોચ કરો, (૨) બેની મન માંહી લગાર;
સાંપ્ય વિભુજી કરશે તમાને, દયા આણી આવાર.
ચાલો મુજ સંગે, (૨) દીલથી ડર દૂર કરીને;
પોષણ સુખેથી થશે તમારૂ, બેસશો ત્યાંહી ઠરીને.
વિનય પુર્વક, (૨) વૈયા વચ ત્યાં તમારી;
દુઃખ કાંઇ નવ દેખશો, બેની ચાલો સંગ અમારી.
આપુ શુભ ઠામ, (૨) રે'વાને તમને ત્યાંઇ;
હરકત નહીં કોઇ વાતની, સુખ પામશો આવે ત્યાંહી.
આ ભાગે ઠામ, (૨) નહીં રે'વું તમને યોગ્ય;
કરો ન વાર લગાર બેની, સંગે આવવું જોગ્ય.
સાચવશો શીલ, (૨) નહીં ભય પામો કોઇ વાતે;
પુત્ર પણ જાળવશો સારો, બેસીને નિરાંતે.

સ્થળ—કરણુસ્થાન.

કરણુ— સોરઠ ગજલ.

કેમ પ્રિયે હવે શું તું કહે છે, વખત વિતી જાય છે. ટેક.
વાયદો પુરો થયો, હવે જાગીશ નહીં પાછો ગયો;

માટે વિચાર તુ મન કરી; જવાબ દે પ્રિયા હવે. કેમ
તુજ કારણ સંકટ સહ્યું, તુને દેખી દુઃખ મુજ દૂર થયું;
હાશ હાશરે નિરાશ ના તું, થા પ્રિયા મારી હવે. કેમ
ઉમંગથી બોલ સંગ મુજ, કરૂં બધુ કારણ તુજ;
આવ બેસ મુજ ઉછરંગમાં, નહીં પામ દુઃખ જરી અહીં. કેમ
નહીં જાણતી હવે મળશે કંથ, એતો પરવરીયો સ્વર્ગ પંથ;
શોશ દીલથી દૂર કરીને, સુખી રહે હમેશ અહીં. કેમ

કુસુમગતિ— ક્ષત્રી કલંક કેમ લેશેરે. એ રાહ.

શું મુખથી આ બોલે વચન, દુષ્ટ તું પાપી આજ આંહીરે;
તુજ શબ્દ સાંભળી ધ્રુજે તન, દુષ્ટ તું પાપી આ શું વદેરે. ટેક.
કેમ કામમાં બની અંધ આજ, દુષ્ટ તું પાપી આ શું વદેરે.
કેમ વિસારી તેં કુળની લાજ. દુષ્ટ૦
તારી જીભ કેમ તુટી નવ જાય, દુષ્ટ૦
આવું વદતાં હેરાન થઈશ કાય, દુષ્ટ૦
હું શુરી ક્ષત્રાણી શુરવીર, દુષ્ટ૦
તુને દેખી નહીં હારૂ દીલ ધીર, દુષ્ટ૦
સત કટકા શરીરના થાય, તોય સતિત્વ નહીં તજુંરે. ટેક.
કદી રૂવે રૂવે કીડા પડે કાય, તોય૦
આથી પડે મુને અદકાં દુઃખ, તોય૦
નથી જોઇતું પાપી તારૂં સુખ, દુષ્ટ તું પાપી આશું વદેરે. ટેક.
તારા મહેલ, બગીચા બળી જાઓ, દુષ્ટ૦
તારી ભષ્પિ બળી રાખ થાઓ, દુષ્ટ૦
લે આવ તને ચખાડું સવાદ, દુષ્ટ૦

ક્રીલાણી સામ શું કરે બકવાદ, દુષ્ટ૦

સ્થળ—જંગલ.

રાગ પરજ.

કુસુ—હું શું દુઃખની કા'ણીરે, કે'તાં આવે આંખે પાણીરે ટેક.
અતિ વિપત્તિ સેતાં કરતી, આપ બનીની સેવા;
એક દિવસને સમયે એવું, બન્યું ગઈ કાષ્ટ લેવા. કહું૦
થોડે થોડે હું વીણતી કાષ્ટો, આવ્યો પુંઠેથી કર્ણ;
એકદમ ઘેરી લઈ બનાવી, બેભાન થઈ પડી ધર્ણ. કહું૦
ત્યાંથી લઈ ચાલ્યો નીજ ધામ ભણી, પડી નહીં મુને ખબર;
આવ્યું ભાન ત્યારે શોક પામી, કેદ થઈરે જબર. કહું૦
બે ત્રણ દીવસે આવ્યો પાપી, શિયળ કરવા ભંગ;
ઘણું ઘણું સમજાવી કાઢ્યો, અડવા ન દીધો અંગ. કહું૦
સુજ મુખેથી અપાર અપશબ્દો, કહ્યા મેં તેણી વાર;
ધર્યું નહીં કાંઇ પણ તેને મનમાં, ડગ્યો નહીં તલભાર. કહું૦
જેમ તેમ કરી પાછો કાઢ્યો ત્યારે, મોકલી નિજ કુલ્ટા નાર;
આડુ અવળુ સમજાવા લાગી, મુને એને તેણી વાર. કહું૦
હોંશ થઇ નહીં પુરી તેથી, મોકલ્યો દુષ્ટને પાસ;
આવી મુને બહુ ધમકાવા લાગ્યો, પુરી થવાનીજ આશ. કહું૦
પડી હતી તરવાર બાજુપર, લઇ તેના સામી થઇ;
એક ઘાએ ઉડાવી દીધો, ત્યાંથી નાશી આવી આહીં. કહું૦

સુરપાળ— ભયેરવી ગજલ.

દુઃખ તેં સહ્યું બહુ, સુણી શોક પામ્યો સહુ;

કીધી આંદુશી તેથી મુજ, દુઃખનોરે દુર થયું. દુઃખ૦
ક્ષત્રાણી શુરી ઠરી, તુજ ધર્મ હેતે મરી;
દુષ્ટતા ન કરી જરી, તેથી બહુ સંતોષ થઇ. દુઃખ૦
ટેક નેક સાચી રાખી, પ્રીત શુભ પ્રીતમ દાખી;
અનિતિને દૂર નાંખી, શુર તેં બતાવ્યું બહુ. દુઃખ૦
કુકર્મે કીધી દુઃખી પતિ, કેમ પામું દિલ સાંતી;
વૈર લેવા થઇ ખાંતી, ઠરી નહીં બેસું કંઇ હું. દુઃખ૦
હાય વાગ્યો વિયોગ તારો, સાલતો તો બહુ ભારી;
સુણી બેની મુજ મુખથી, નુરતો ઉડી ગયું. દુઃખ૦
જરા ન બેઠો ત્યાંજ હું, તેણે શોધે આવ્યો છું;
મળી મુને આંહી પ્યારી તું, તેથી સુખ પામ્યો બહુ. દુઃખ૦
બનેવી સ્વર્ગે વાસ થયા, તેથી ભટકતા રહ્યા;
સુખ તો સમૂળાં ગયાં, હાય થયાં દુઃખી સહુ. દુઃખી૦

સ્થળ—રૂપસુંદરીનું સ્થાન.

સુરપાળ— નારાયણ નરસીંહ નરોતમ. એ રાહ.

બેની મારી કયાં જઇ શોધું, સુજ પડે નહીં કાંઇ મનેરે;
શું વાઘ કે વરૂ આવી લઇ ગયું, કે દુશ્મન દળે હરી તનેરે. બેની૦
વિભુ કીધાં શાં પાપ પેલે ભવે, કેમ દુઃખી તું કરે અમનેરે;
વાદળ ઉપર વાદળ આવે, એક કાઢે બીજું તૈયાર કનેરે. બેની૦
કયાં જઇ મળું પ્રીય બેનીને, બાળુજ ટળવળતો ક્યાં હશેરે;
વિશ્વંભરા દીન દયાળુ દેવ, હવે આગાડી શુંરે થશેરે. બેની૦

આક્ષીનીહરંકની આઝ.

પ્રીય બંધુ મારા, આવજો શીઘ્રી વાટે;
પ્રીય બંધુ મારા, પાટલીપુર ઘાટે.
થૈ હું દુઃખી તેથી, શિલગુણસરી સંગે;
અતિશય અકળાઇ, દુઃખ પામી આ અંગે.
તજ ભાણો બેની, છેર હવાલ;
નહીં કરવી ચિંતા, આવજો સિધ્ધ બ ત.

શીખરણીની દાઢ.

અરે બેની મારી, દુઃખ પામી તું ખરે અતિ;
કાધું શું તેં આમ, દશા આવી શું કાંથી ગતિ.
કાધાં શાં તુજ પાપો, આમ થયાં શું ? અધટીત કિધું;
શી નિતી આમ તોડી, જોડી કર નમીગે વિધુ.
અહો સુખના દાતા, ત્રાતા તું ત્રિભુવન ધણી;
પાપો માફ કરીને, હવે જો તું આમ ભણી.
અરે પ્રિયા મારી, ચાલો ત્યાંથી અહીં કને;
નહીં જોડી થાતું, એ વિન દુઃખ થાય બહુ મુને.
જોઇ નેને જ્યારે, ત્યારે સુખ પામું પ્રિયા;
એ વીણુ સર્વે સુનું, ભાસે છે મુજને લિયા.

સ્થળ—પાટલીપુરમાં શિલગુણસુરીનું સ્થાન.

રૂપસુંદરી-- જનુની જીવોરે ગોપીચંદની. એ રાગ.

બંધુ મારા આંહી ક્યાં થકી, આવ્યા અચાનક આ વારજી;
ખબર દીધી કોને આપને, કહો મુજને અસારજી.

સુણવા રાખું હોંશ દિલમાં. ટેક.

સુરપાળ---આવ્યા અમે આપ સ્થાનમાં, જોયું મેં તેણી વારજી;
દીઠાં નહીં મેં આપને, તેથી દુઃખ થયું અપારજી.
સુણો બેની વાત કહું હું જે. ટે૪

કુસુમગતિ---શોક કર્યો બહુ તે સમે; થયા નિરાશ અપારજી;
પછી નજર મુજ ભીંતપર, દીઠા અક્ષર સું સારજી. સુણો.

સુરપળ---વાંચ્યું પ્રીતિથી ત્યાં જઈ, જેથી પામ્યો સંતોષજી;
નહીં ઘડી ત્યાં ઉભા રે'તાં, આવ્યા અત્રે પુર જોશજી. સુણો.

રૂપસુંદરી---સાજાં તાજાં છો બન્ને જણા કેમ ગ્લાની તમ મુખજી;
કુસુ૦—તમ પાસેથી ગયા પછી, પામ્યા અપાર અમ દુઃખજી. સુણો.

રૂપસુંદરી---સ્તવરતે કહો મુજને, બધુ મારા આવારજી;
ક્યાંથી મળી તુમ પતિ આ, કેતાં લગાડો ન વારજી. સુણો.

કુસુ૦---આપ રજાથી ગઈ હું તો, કાષ્ટો લેવાને બાઇજી;
આવ્યો પુંડે દુષ્ટદલ લઇ, કીધી મુજપર ચડાઈજી. સુણો.
બે ભાન કરી મુને લઈ ચાલ્યો, નીજ અવાસની માંહીજી;
પતિ થવા કીધું મુજને, ના સુણી દુઃખ દીધું ત્યાંહીજી. સુણો.
અપાર કષ્ટો સહ્યાં નહીં ડગી, કીધો દુષ્ટનો નાશજી;
તરત ત્યાંથી ચાલી નીકળી, આવવા સ્વામી પાસજી. સુણો.
પડતાં રખડતાં બન્ને મળ્યાં, ઘોર રણ્યની માંહીજી;
નીશા અંધારીના સમે, પામ્યા દંપતી સુખ બાઈજી. સુણો.

રૂપસુંદરી---દુઃખ સહ્યું અતિશય તમે, સુણી ધ્રુજે મુજ અંગજી;
હવે કરીએ ઇશ પ્રાર્થના, મળી આપણે સંગજી.
શોક ત્યાગો તમ ચિતથી.

ધનાશ્રી ગજલ

રૂપસુંદરી
વનરાજ
સુરપાળ
કુસુમગતિ

(વિનતી ધરજો ધ્યાન) એ રાહ.

કરીયે પ્રભુજી પ્રણામ, પ્રીતેથી કરીયે પ્રભુજી પ્રણામ. ટેક.
સુઃખના કર્તા દીનદયાળુ, સૌ સથળે તુજ ધામ. પ્રીતેથી.
આગ દુઃખ હરીને સુખ તું કરજે, સાંપ કરો સૌ કામ. પ્રીતે.
આપ કૃપાથી મળીયાં પાછાં, દીનબંધુ આ ધામ. પ્રીતે.
હે જગપાળક દીન દુઃખ ટાળક, હોંશથી લઇએ નામ. પ્રીતે.

સ્થળ—શિલગુણસુરીસ્થાન.

ભુપ કલ્યાણ.

વનરાજ—પ્રીય માતુશ્વરી, આપો રજા કૃપાકરી;
રણમાં જવા આજ હોંશ મેં ચીત્તે ધરી. પ્રીય માતુ.
શત્રુને ત્રસાડી વાળુ મુજ પીત નું વેર;
જંગ મચાવું તેની સાગા, લેવા આપણું શીર. પ્રીય.
રૂપસુંદરી—હજુ પુત્ર તું છે બહુ નાનો, યુધ્ધમાં શું સમજે;
માટે આજ્ઞા આપું નહીં હું, શાંતી મન ધરજે.
પ્રીય પુત્ર તમે, આશું રે વદો; વય હજુ ઘણો, માટે વાત જવા દો.
વનરાજ—માતા મારી આમ વદો શું, વીચાર્યા વીણ વાત;
કીડી નબળી નારી જાતી, કરે હાથીની ઘાત. પ્રીય.
જબરો હાથી અંકુશ નાની, તેનાથી વશ રહે;
બાળુડો વિછું ડંખ મારી, ઉપજાવે દિલ ખેદ. પ્રીય.
રજ ધુળ ઉડી ચક્ષુ માંહી, અંધ બનાવી દે;

ક્ષત્રી બચ્ચો થઇને, એના-થી ડરવાનો કે? પ્રીય૦

સુરપાળ— ગજલ.

રજા આપો બેની મારી, યુધ્ધે જવાની;
યુધ્ધે જવાની કે બેની, રણે જવાની. રજા૦
શાને કરો વિચાર તમે, થઈએ રવાને;
ખુશી થઈ રજા આપો, અમને જવાને. રજા૦
મુજ સંગે મોકલો, તમ પુત્રને તમે;
શત્રુ ત્રસાડી, વેહેલા આવશું અમ. રજા૦

ધનાશ્રી ગજલ.

રૂપસુંદરી-- ઇશ્વર સ્તુતિ.

(વીનતી ધરજ્યો ધ્યાન, જન સહુ વિનતી ધરજ્યો ધ્યાન) એ રાહ.

કરજો રક્ષા દીનાનાથ, પુત્રની તમ કરજો રક્ષા દીનાનાથ. ટેક.
યુધ્ધમાં તેને સા'ય થજો વિભુ, જોડી કહું હું હાથ. પુત્રની.
પ્રભુ આ શિશુ છેજ તમારો, જાય મુજ ભ્રાતની સાથ પુત્રની.
રંક દાશીપર દયા લાવો, કરૂણા કરી હે નાથ. પુત્રની.

સ્થળ—વનાશ્રમ.

વનરાજ-- ગિતી.

આગા શત્રુ આવે છે, હપગય બાળદો સુખ પાસો લઈને;
ચાલો લુટી લઇએ, સત્વર આપણુ છાની રીતે જઇને.

સારંગ ગજલ

લજિતસીંહ--સુખ આશું લઇને જઇએ, રાજાની કને;
સૌ સૌને સ્થાને જઈએ.

નિતીરામ--એમ કેમ બને.

જઇએ નહીં આપણ ત્યાંતો; રાજા કોપે બહુ;
માટે ચાલો સત્વર જઈએ, અર્જ કરવા સહુ.
ચેતાવીએ જઈ રાજાને: શત્રુ કરે હાર;
અજિતસીંહ--જઈશું તો આપશે રાજા, ઠપકો અપાર.
નિતિરામ—તોએ પણ જવું જોઇએ જાણ કરવા કાજ;
વિવેકજી--નહીં તો બાપ દાદા તણી, આબરૂ જાયે આજ.
સોપ્યું વિસવાસે કાજ, મહારાજાએ આજ:
સુરસીંહ—ચાલો વીરો જઇએ આપણ, જાણ કરવા કાજ.
ઉલટરામ--હાહા ખરી વાત
હીંમતચંદ--.........ચાલો,
અજીતસીંહ--.........મહારાજાની પાસ: તૈયાર થ ઓ સૌ તમ,
નિતીરામ—...................જઇએ દોષ કરવા નાશ.

સ્થળ—કલ્યાણનગર ભુવડની કચેરી.

સર્વેમાણસો— (કહું શુ નશીબ દુ:ખીઓ કીધોછે) એ રાહ.
આરજ સુણો નામદાર અમારી, હવે શત્રુ સામા કરો તૈયારી. અ.
ગયા અમ બની મુકવાને કાજે, વનમાં લુટીલીધા અમને ભીખારી. અ.
હય ગય સુખપાલ ધનમાલ સર્વે, પકડી લઇ માર્યા મારરે ભારી અ.
સાંકડી નેળમાં રોકી દઈને, રસ્તો ન રાખ્યો નાસવા લગારી. અ.
સુણતાં થઈ જાણ સુરપાળ સંગ ભાણુ, બીજાં અનેક માણસ.શસ્ત્રધારી.
દોડતા પછડતા આવ્યા ખબર કે'વા, પુંઠે હતો ભયરે ભયંકારી. અ.
કરો મા'રાજા દોષ ક્ષમા સહુ, કહીએ અને અમ થઇને લાચારી. અ.
ભુવડ-- (મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ જાણી.) એ રાહ.
શાને ધરવી હવે મન ધીર, ઉઠો સરદારો;

ઝટ જઇ હવે ત્યાં, શત્રુને સંહારો.

હજુ પાપી જીવતા, કેમ રહ્યા છે જગમાં;
હવે ચલો આપણ, જઇ દબવીએ નભમાં.

કેમ સતાવે સૌકને, શીયાળવાં થઇ આજે;
મુજ સાથે કરવા વેર, કેમ નહીં લાજે.

હજુ કાલ સવારે, માર્યો પીતા મેં એનો;
એ કેમ ભુલી તે, મગરૂરી થાય શેનો.

હજુ મુજ સપાટા, જોયા નથીરે જંગે;
શું? તે મન રાખી હામ, લડવા ચાહે.

ફરો સરદારો સૌ, કરો ન વાર લગાર;
દુષ્ટો ને પકડવા, હાથે ધરો હથીયાર,

રણક્ષેત્ર—જંગ.

સુરપાળ— (છે જન પાલક.) એ રાહ

ચલો શુરવીર સરદારો સહુ, જંગ મચાવવા કાજે.
સોલંકી આવે છે સામા, તેના માગા લડવા જામો;
રણમાં જુઝી કાઢો નામો, કીર્તી લેવાને કાજે; ચાલો.

બળરામ—હું છું બહાદુર બહુજ સુરો, નહીં કોઇ વાતે છું અધુરો;
ખોળી ખોળી શત્રુ મારૂં ટકાકોને ધરણી ઢાળું;
અપાર આકાશે ઉડાડું સુણે સુણુ નહીં સાજે. ચાલો.

સરદાર—ચાલો જલદી થાઓ તૈયાર, દુશ્મન દૂર હઠાવા આવાર,
તાકી તાકી મારો તીર, રણમાં જુંજો ક્ષત્રી વીર;
દાલમાં ધારો સારી ધીર, કાઢવા આપણી દાજે. ચાલો.

૧ શિપાઇ—મહારાજ ના કરો કાંઇ, શુરો એક છું હું શીપાઇ,
મુજને એનાપર બહુ વેર, બહુ સાલે છે મનમાં ઝેર;
તેથી વરતાવીશ હું કેર, હામ રાખીને આજે. ચાલો.

વનરાજ—બતાવશે જે રણમાં શુર. ખાસ કરીશ તેને ભરપુર,
લડો સામા શત્રુને હામ, કાઢે શત્રુઓમાં નામ ચાલો૦
ઝુંડ મચાવો ઠામે ઠામ, રાજ્ય લેવા કાજે.

સ્થળ—પાટલીપુર શિલગુણસુરસ્થાન.

વનરાજ— ગરાડી ચાલની સાખી.

વિપરીત કાર્ય બન્યું માતુ મારી, મામાનો થયો સંહાર;
દુષ્ટ દુશ્મન વેરી થઇને, કરતાં લગાડી ન વાર.
હાય નથી હવે કોનો આધાર, ન રહ્યો કો' સાહ્યકાર;
વાડ વિના વેલો કેમ ચડે માતુ, થશે કાયો નીરાધાર.
મામા વિરુદ્દ ફરતો'તો સુખમાં, દુઃખ નહીં ધરતો લગાર.
હાય દીનાનાથ આમ શું કીધું, દુઃખ દીધું તેં અપાર;
જાણી નહીં કેમ દિલમાં દયા તેં, હાય વિશ્વંભરા નાથ;
અપાર કષ્ટો નાંખી અમ શિરપર, દુઃખી કીધાં કૃપાનાથ.
હજી તમારૂં શું ઋણ શિરપર, જેથી ઘાલો આમ દુઃખ;
વન વન રખડયાં ભુખ તરસ વેઠી, હજુ ન આશા સુખ.
કૃપા કરી હવે મહેર કરોને, દીનબંધુ દીનનાથ;
આપ ચરણે હું શિર નમાવું, પ્રણમું જોડી હાથ.

રૂપસુંદરી— (દાસી કેમ ચંદ્રમાગા આવતી નથી) એ રાહ.

હે ભ્રાત મારા કયાં ગયો, અમને મૂકી આવાર;
તુજ વીણ નથી કોઇ સાર, અમારી લેનાર. હે ભ્રાત.

તુજ ભાણેજ હજુએ નાનો, શું કરશે એ રાજ;
સાહ્ય હવે તેને કોણ કરશે, રાજના કામ કાજ. હે ભ્રાત.

દુઃખ અમારી સાથ સહ્યાં, હે વીરા ભરપુર;
સુખ વેળા જતો રહયો, હાય મુજથી દુર, હે ભ્રાત.

સુખનો સુર્ય હશે ઉગાડયો, ત્યારે તુ ચાલ્યો,
દુઃખના દરીઆમાં બંધુ, તું બહુ ગાળ્યો. હે ભ્રાત.

તુજ જેવા જન જગમાં, ધિક્કારે મળશે:
હે ઈશ કરજે સ્વર્ગે વાસ માગું તુજ પાશે. હે ભ્રાત.

રાગ ભિમ્પલાસી.

કુસુમગતિ—વિભુ વધાર્યું દુઃખ તેં, મુજ વાલમ લઈ;
દયા ન મરજી કેમ મન લીધી, હું તો નોધારી થઇ. વિભુ૦
દુઃખ ઉપર દુઃખ આપીયું, હરી ઠામ ન કાંઇ;
જરા થયો તો આરામ તે, પાછી ગ્લાની છવાઇ. વિભુ૦
પિયુ મારો કેમ પડાવીઓ, શું પડયું ત્યારે કામ;
જનમ તણીરે દુઃખી કરી, હવે રહે ન દીલ હામ. વિભુ૦
કીધાં હશે શાં પાપ મેં, પેલે ભવનીરે માંહી;
આ ભવમાંરે આવી નડે, શું મુજને આંહી? વિભુ૦
લીલાં તે વન શું મેં બાળીયાં? ખાળ્યાં સરિતાના નીર?
ધાવંતાં બાળ વિછોડીયાં, રણમાં લુટયાં શું ચીર? વિભુ૦
વાડ વેલા જુદા પાડીયા, પાડી ચિતમાં ભંગાણ;
હર્ષમાં શોક વરસાવીઓ, શું પડાવી ચીઘરાણ? વિભુ૦
કેવાં અઘોર પાપ મેં કીધાં, પડે નહીં કાંઇ ગમ;
તેથી આવું દુઃખ ભોગવું, હું તો થઇને અધમ. વિભુ૦

દક્ષણી ચાલની લાવણી.

પ્રીતમ કયાં ગયા, મુને પરહરીરે. ટેક.
દુઃખી થાઊં, ગમ ન ખાઊં; હવે કયાં જાઊં? શોક સમાઊં;
શું એસું હુંડ ગીરે? પ્રીતમ૦
કાળે ના મરી, દયા દીલ જરીરે;
પકડી લઈ, નાખ્યાં ખાઇ; ગઈ મુજ થઇ, રડું શું આઈ;

આપ વિના મરીરે. પ્રીતમ૦
દુઃખ હતું તોયે, જરી નહીં ડરીરે;
જોતી સુખ, પામતી સુખ; તજતી દુઃખ, ભાગતી ભુખ;
હવે દશા શી મારીરે. પ્રીતમ૦
શું થશે હવે, પડે ન ગમ જરીરે;
એક આ-કરે કલ્પાંત, મળે ન કાંત; થાઓ સાંત, રાખો ન ભ્રાંત;
દુઃખ ન ધરો જરીરે. પ્રીતમ

વનરાજ--માગી માહરી, દુઃખ ન પામો જરીરે. ટેક.
રહોને અહીં, સુખી થઇ; કરો ન કંઇ, દીલની ગમીં;
જાણો પુત્ર ખરીરે. માગી૦
માતુ સમાન હું, રાખું તમ સંભાળીરે;
કહો તે કાર્ય, કરવા તાર્ય; શોક નિવાર્ય, સુખ સાર્ય;
રહે આંહી વિચારીરે. માગી૦

રૂપસુંદરી-- ગીતી.
રહો ભોજાઈ સુખે, ઘર તમારૂં જાણીને બાઇ;
શોક ન ધરશો લગાર, તજો તમારી દશા જે દુઃખદાઇ.
ચિંતા ચીતમાં ન રાખો, આપ પ્રતાપે પામ્યાં સહુ સુખ;
ભલું તમારૂં થાજો, અમ તણા વાસ્યાં આપે દુઃખ.

સ્થળ—પંચાસર.

વનરાજ-- ગીતિ.
ક્યાં ગઈ એની શ્રીદેવી,
શ્રીદેવી—..............આ રહી બાઇ શું કહો છો મુજને;

વન૦-તીલક કરો આંકી આવી, લ્યો શીરપાવ જે આપું હું તમને.
વીરા ચાંપા આવો, ગ્રહો પ્રધાનની પદવી તમ ભાઇ;
નાગ શહેર અણુહીલપુર, રાખી ફેરવો મારી દુવાઇ.
અણહીલ આપ પ્રતાપે, પામ્યા પુર્ણ વિલાસો સુખ સારાં;
સંકટ સઘળાં તમનાં, કાપો વિભુ જે હોયે નહારાં.

શ્રીદેવી— રાગ માઢ.

કરો ન ચિંતા કાંઇરે, શુભ ઈશે સહુ કીધું. ટેક.
દીલગીર નહીં થાઓ ભાઇરે, શુભ ઈશે સહુ કીધું.
કુસુમગતિ--રહો સદા સુખમાં, ધરો ન દિલે દુખ;
બનવાનું તે બને વાલા, કર્મે લખ્યું દુખ સુખરે. શુભ.
ચંપકલાલ--પેલા ભવના સંબંધથી, મળીઆંરે આપ;
તેમાટે ઉપકાર શાનો માનો છો તમ બારે. શુભ.
અણહીલ--છુટે દુષ્ટ બુદ્ધીથી, કીધારે હેરાન;
હરી આખર સાહ્ય કરી, છોડાવ્યા તમ રાનરે. શુભ.
વનરાજ--કીધાં હશે પાપ પેલે, ભવ તે નડીયાં અહીં;
માટે કર્મ આપણાનો, પર દોષ દેવો નહીં અરે, શુભ.
શ્રીદેવી--થવાનું તે થઈ ગયું, હવે ન કરવો શોક;
હવે સર્વ વિચારીને, રાખવા ખુશી લોકરે. શુભ.
સર્વે--આયુષ્ય અખુટ ભોગવો, કરો સત્યથી રાજ;
પાળી પ્રજા પુત્ર તુલ્ય, નેકી થઈ મહારાજરે. શુભ.
ન્યાય અદલ આપવો, રંકને વળી રાય;
એવો ધર્મ જે રાજનો તે, પાળો સુખથી કાયરે. શુભ.

સમાપ્ત.

જાહેર ખબર.

સર્વે લોકોને ખબર આપવામાં આવેછે કે અમારી દુકાને નીચે લખેલાં પુસ્તકો વેચાથી મળશે.

	રૂ	આ.	પા.
ભતુંહરીના નાટકનાં ગાયન....	૦	૨	૦
હરીશ્ચંદ્ર ને તારામતીના નાટકનાં ગાયન...	૦	૨	૦
બાસુદીપુત્રીનો ફારસ...	૦	૧	૦
ગોપીચંદ રાજાના નાટકનાં ગાયન	૦	૨	૦

સિદ્ધરાજ જયસિંહના નાટકનાં ગાયનો.

રાણકદેવીના નાટકનાં ગાયનો.

શુરવીર વનરાજ ચાવડાના નાટકનાં ગાયનો.

મોતીશાને ડાહી વહુનો રમુજી ફારસ.

આ સીવાય વૈશ્નવ ધર્મનાં તથા જૈન ધર્મનાં પુસ્તકો, વારતાઓ તથા સરકારી ચોપડીઓ વીગેરે બીજી ઘણી જાતનાં પુસ્તકો અમારી દુકાનેથી રોકડી કીમતે વેચાથી મળશે. જેઓને જોઇએ તેમણે પોસ્ટપેડ કાગળ લખવો. નોટપેડ પત્ર લેવામાં આવશે નહીં.

બુ. છોટાલાલ છગનલાલ.

ઠે. અમદાવાદમાં રીચીરોડઉપર.